ક્રમાંકઃમાવિ.૨/પ્રવાસીશિક્ષક/૨૦૧૭/૨૨૨૦૫૭-૪૦૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખઃ૨૦ /૧૨/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત/સરકારી મા.અને ઉ.મા.શાળાઓ
તમામ,જિ.બનાસકાંઠા

વિષયઃ–તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગે.
સંદર્ભઃ–સંયુકત શિક્ષણ નિયામકશ્રી,(માધ્યમિક),ગુ.રા.ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃઅનદ–૧/ઘ/૨૦૧૭–૧૮/૯૨૭૫–૯૩૧૧,તા.૨/૬/૨૦૧૭

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે,સંદર્ભદર્શિત પત્ર માં જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ,તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવથી આ યોજના બે વર્ષ માટે જ અમલી રહે છે.ઉકત સંદર્ભપત્ર થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે ડીસેમ્બર –૨૦૧૭ સુધી પ્રવાસી શિક્ષકો નિમવા અંગે સદર ઠરાવોની જોગવાઈઓ અને શરતોને આધીન શાળાઓમાં વર્ગો મુજબ મંજુર મહેકમ મુજબ ખાલી જગ્યા સામે જરૂરીયાત મુજબના પ્રવાસી શિક્ષકોની નિયુકિતની કાર્યવાહી પુર્ણ કરવા જણાવેલ.

તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની યોજના બે વર્ષ માટે જ અમલી બનાવેલ હોઈ તા.૨૦/૧૨/૨૦૧૭ ના રોજ આ યોજનાના બે વર્ષ પુરા થતા હોઈ અત્રેના જિલ્લાની બિન સરકારી અનુદાનિત શાળાઓમાં તેમજ સરકારી શાળાઓમાં પ્રવાસી શિક્ષકની સેવાઓ લેવામાં આવેલ તે સેવાઓ તા.૨૦/૧૨/૨૦૧૭ પછી મેળવી શકાશે નહી.જો ત્યારબાદ પ્રવાસી શિક્ષકોની સેવાઓ લેવામાં આવશે તો તેની તમામ નાણાંકીય જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે જે અંગેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી.
બનાસકાંઠા,પાલનપુર

નકલ રવાનાઃ– હિસાબી–૧ શાખા તેમજ હિસાબી–૨ શાખા તરફ જાણ તેમજ અમલ સારૂ.